આદર્શ નિવાસી શાળા (કન્યા) છોટાઉદેપુર, અમીરગઢ, ખેડબ્રહ્મા, સાગબારા તથા ઉમરપાડા (કુમાર) ખાતે ધોરણ-૧૨ના ક્રમિક વર્ગ વિકાસની નવી બાબતને વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર,
આદિજતિ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક: અનશ/૨૦૨૦૧૬/ન.બા.૧/ગ
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૧/૦૪/૨૦૧૬

**વંચાણે લીધા:-**

(૧) કમિશનરશ્રી (આ.વિ)ની કચેરીનો તા.૫/૧૦/૨૦૧૫નો પત્ર નં:- ટીડી/અનશ/ન.બા./ ફા.નં.૧૩૫૫/૨૦૧૫-૧૬/૨૦૨૦-૨૧.

**ઠરાવ:-**

ગુજરાત રાજ્યના અનુસૂચિત જનજાતિના બાળકો શિક્ષણમાં પ્રગતિ સાધી પોતાની કારકીર્દી ઉજ્જવળ બનાવી અન્ય સમાજની હરોળમાં પોતાનો વિકાસ સાધી ઉભા રહી શકે તેવા આશયથી આદર્શ નિવાસી શાળાઓની યોજના વર્ષ ૧૯૮૬-૮૭ થી કાર્યરત કરવામાં આવી છે. અને હાલ ૪૪ આદર્શ નિવાસી શાળાઓ કાર્યરત છે. ઉપરે વંચાણે લીધેલ ક્રમાંક (૧)ના કમિશનરશ્રી (આ.વિ.)ના પત્રથી વર્ષ ૨૦૧૬-૧૭માં આદર્શ નિવાસી શાળા (કન્યા) છોટાઉદેપુર, અમીરગઢ, ખેડબ્રહ્મા, સાગબારા તથા આદર્શ નિવાસી શાળા ઉમરપાડા (કુમાર) ખાતે ધોરણ-૧૨નો ક્રમિક વર્ગ વિકાસ શરૂ કરવા માટેની રૂ.૩૬.૦૦ લાખની નવી બાબતનો અંદાજપત્રમાં સમાવેશ કરવા દરખાસ્ત કરવામાં આવેલ. જેની વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાના અંતે આદર્શ નિવાસી શાળા (કન્યા) છોટાઉદેપુર, અમીરગઢ, ખેડબ્રહ્મા, સાગબારા તથા આદર્શ નિવાસી શાળા ઉમરપાડા (કુમાર) ખાતે ધોરણ-૧૨નો ક્રમિક વર્ગ વિકાસ શરૂ કરવા માટેની રૂ.૩૬.૦૦ લાખની નવી બાબતને નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

ઉક્ત ૦૫ (પાંચ) શાળાઓ માટે શાળાદીઠ ૦૧ (એક) મદદનીશ શિક્ષકની જગ્યા લેખે ૦૫ (પાંચ) જગ્યાઓ ૯૩૦૦-૩૪૮૦૦ (ગ્રેડ પે ૪૪૦૦)ના રેગ્યુલર પગાર ધોરણમાં રૂ.૧૩,૭૦૦/-ના ફિક્સ પગારથી ઉભી કરવાની રહેશે.

**શરતો:-**

(૧) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઈ અને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટ મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા જરૂરિયાત પ્રમાણે આગામી નાણાકિય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખત લાગુ પડતા ઠરાવો/ પરિપત્રો અને જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકિય ઔચિત્યના સિદ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) સીધી ભરતી/બઢતીથી ભરવાની થતી જગ્યાઓ ભરતી નિયમો પ્રમાણે સીધી ભરતી/બઢતીથી આવતી હોવાની શરતે તે રીતે ભરવા મંજૂરી આપવામાં આવે છે.

(૭) વર્ગ-૩ ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઈ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણાં વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬ અને સામાન્ય વહીવટ વિભાગના તા.૪/૦૬/૨૦૦૯ના ઠરાવથી અમલી બનેલ ફીક્સ પગારની નીતિ અને તેમાં વખતો-વખત થયેલ સુધારાઓની જોગવાઈઓ પ્રમાણે ભરવાની રહેશે.

(૮) જે તે જગ્યાઓના પગાર ધોરણો આર.ઓ.પી.-૨૦૦૯ પ્રમાણે છે કે કેમ તે અંગેની ખાતરી કરી લેવાની જવાબદારી વિભાગની રહેશે.

(૯) સીધી ભરતીથી નિમણૂંક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂંક મળ્યા બાદ નાણા વિભાગના તા.૧૮/૦૩/૨૦૦૫ના ઠરાવ ક્રમાંક: નપન/૨૦૦૩/જીઓઆઈ /૧૦ (પા.ફા)ની જોગવાઈ પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા તા.૧/૦૪/૨૦૦૫થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના તેમજ તે અંગેના વખતો-વખત થયેલ સુધારા લાગુ પાડવાના રહેશે.

(૧૦) આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે વિભાગે જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.

(૧૧) આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન પરીક્ષા નિયમો અને નિયત ભરતી પધ્ધતિને અનુસરીને કરવાની રહેશે.

(૧૨) કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઈએ.

(૧૩) રાજ્ય સરકાર દ્વારા વખતો વખત નિયત કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૧૪) નવી મંજૂર કરેલ જગ્યાઓ જે તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે. ત્યારબાદ જંગ્યાઓ વખતો વખત ચાલુ રાખવાની થાય તો વિભાગે જગ્યાઓ લંબાવવાની દરખાસ્તની મુદ્દત પૂરી થતાં પહેલાંના એક માસ અગાઉ નાણાકીય સલાહકારશ્રીને રજુ કરી જગ્યા વધુ સમય ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.

(૧૫) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતીની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૬) આઈ.ટી.સંબધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેક્નોલોજી વિભાગની વખતો વખતની સુચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૭) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંક: એસ.પી.ઓ/૧૦૨૦૦૫/૧૪૦૯/ચ માં ઈ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૨. આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક: ૯૬ (આયોજન), મુખ્ય સદર: ૨૨૨૫- અનુસુચિત જાતિઓ, અનુસુચિત આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર:૦૨-અનુસુચિત આદિજાતિઓનું કલ્યાણ, ગૌણ સદર: ૭૯૬, આદિજાતિ વિસ્તાર પેટા યોજના, પેટા સદર-૪૮ આદર્શ નિવાસી શાળા (કન્યા) છોટાઉદેપુર, અમીરગઢ, ખેડબ્રહ્મા, સાગરબારા તથા ઉમરપાડા (કુમાર) ખાતે ધોરણ-૧૨ના વર્ગ શરૂ કરવા હેઠળ ચાલુ વર્ષે થયેલ જોગવાઈમાંથી મેળવવાનું તેમજ ઉધારવાનું રહેશે.

૩. આ હુકમો આ વિભાગની સરખાક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૧૨/૦૪/૨૦૧૬ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(નરેન્દ્ર વાઘેલા)
સેક્શન અધિકારી
આદિજાતિ વિકાસ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

માન.રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
માન.મંત્રીશ્રી, (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
માન.રા.ક.મંત્રીશ્રી, (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
સચિવશ્રી, આદિજાતિ વિકસ વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
કમિશનરશ્રી, (આ.વિ.), બિરસામુંડા ભવન, ગાંધીનગર, તરફ જાણ તેમજ ઘટતી કાર્યવાહી સારૂં.
નાણા સલાહકારશ્રી, (આ.વિ.), બ્લોક નં.૧૪/૨ જો માળ, સચિવાલય, ગાંધીનગર.
મહાલેખાકારશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ, રાજકોટ.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
ઉપસચિવશ્રી (બજેટ), આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
સિસ્ટમ મેનેજરશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવા.
શાખા સિલેક્ટ ફાઈલ.